“ગાંધીજીની જન્મભુમી એવી સુદામા નગરી ખાતે આવેલ સુદામા ડેરીનો”

# ૧૨મો

## વાર્ષિક અહેવાલ અને હિસાબો

### વર્ષ : ૨૦૨૩-૨૪

Amul
The Taste of India




શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ
સુદામા ડેરી
પોરબંદર

## શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુદામા ડેરી – પોરબંદર




# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુદામા ડેરી – પોરબંદર



રજી. નં. : નધણ/પી.બી.આર યુનિયન (દૂધ) ૪૧૪૭૭/૨૦૧૩ તા. ૨૬-૪-૨૦૧૩

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

# ૧૨ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

**શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પોરબંદરની વર્ષ ૨૦૨૩-૨૪ ની વાર્ષિક સાધારણ સભા નીચે મુજબની કાર્યસુચિ માટે ૨૧/૦૮/૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે, સ્થળ : હોટલ લોર્ડસ, પોરબંદર ખાતે મળનાર છે. તેમાં આપશ્રી ઉપસ્થિતિ રહેશો તેવી વિનંતી છે.**

## :: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી રાખવા બાબત.
૨. તા. ૩૧ મી માર્ચ ૨૦૨૪ના રોજ પુરા થતા વર્ષનો અહેવાલ તથા વેપારખાતું, નફા નુકશાન ખાતુ તેમજ તા. ૩૧ માર્ચ-૨૦૨૪ ના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.
૩. વર્ષ ૨૦૨૩-૨૪ ના નફાની ફાળવણી મંજૂર કરવા બાબત.
૪. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન બજેટ ઉપરાંત થયેલ વધારાના ખર્ચને મંજૂર કરવા બાબત.
૫. વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્રને મંજૂર કરવા બાબત.
૬. પેટા નિયમની મર્યાદામાં રહીને બહારનું કરજ કરવાની સત્તા નક્કિ કરવા બાબત.
૭. પેટા નિયમમાં સુધારા કરવા બાબત.
૮. ઓડિટ દુરસ્તી અહેવાલ વંચાણે લઈ મંજૂર કરવા બાબત.
૯. વહિવટી મુદ્દાઓ.
 (૧) કર્મચારી બાબત.
 (૨) સ્ટાફ માળખા બાબત.
 (૩) ચેરમેનશ્રી/મેનેજીંગ ડિરેક્ટરશ્રીના ડેલિગેશન ઓફ પાવર્સ બાબત.
 (૪) સ્ટેચ્યુટરી/ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક બાબત.
૧૦. સંઘ દ્વારા હાથ ધરવાના ભાવી કાર્યક્રમ બાબત.
૧૧. અધ્યક્ષ સ્થાનેથી કાયદાની હદમાં રહિને રજૂ થાય તે કામોની ચર્ચા વિચારણા કરવા બાબત.

(નિયામક મંડળના આદેશથી)

મેનેજીંગ ડિરેક્ટર

નકલ રવાના :-
(૧) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, પોરબંદર
(૨) એમ.ડી.શ્રી, જી.સી.એમ.એફ.લી., આણંદ
(૩) ચેરમેનશ્રી, બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રી તથા સભ્ય મંડળીઓ
(૪) શ્રી ભાવેશભાઈ ધોળકીયા, પ્રતિનિધિશ્રી, જી.સી.એમ.એમ.એફ.લી. આણંદ
(૫) સ્પે. ઓડિટરશ્રી, રાજકોટ
(૬) સંઘના નોટીસ બોર્ડ તથા ફાઈલે
(૭) ભાવફેરની પધ્ધતિની સમીક્ષા કરવા બાબત

**નોંધ :-** કોરમના અભાવે મુલત્વી રહેલ વાર્ષિક સાધારણ સભા તે જ દિવસે તે જ સ્થળે અડધો કલાક બાદ હાજર રહેલા સભ્યોનું કોરમ ગણી સભા કાર્યસુચિ મુજબના કામોનો નિકાલ કરશે, જે કાયદેસર ગણાશે. (જે દરેક સભ્યશ્રીને માન્ય રહેશે.)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

## નિયામક મંડળ : ૨૦૨૩-૨૪



**શ્રી ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા**
અધ્યક્ષશ્રી

શ્રી ઇશ્વરીયા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ઇશ્વરીયા



**શ્રી ભરતભાઈ ભીમાભાઈ બોખીરીયા**
ઉપાધ્યક્ષશ્રી

શ્રી બોખીરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બોખીરા



**શ્રી વિરમભાઈ દુદાભાઈ કારાવદરા**
ડીરેક્ટરશ્રી

શ્રી સીમર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. સીમર



**શ્રી નાગાભાઈ માત્રાભાઈ ઓડેદરા**
ડીરેક્ટરશ્રી

શ્રી ભાવપરા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ભાવપરા



**શ્રી અરજનભાઈ પુંજાભાઈ ભુતિયા**
ડીરેક્ટરશ્રી

શ્રી દેરોદર દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. દેરોદર



**ડો. આકાશ બાબુભાઈ રાજશાખા**
ડીરેક્ટરશ્રી

શ્રી આદિત્યાણા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. આદિત્યાણા



**શ્રીમતિ રાંભીબેન બાલુભાઈ મકવાણા**
ડીરેક્ટરશ્રી

શ્રી રાણા વડવાળા(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. રાણા વડવાળા



**શ્રીમતિ લતાબેન સંદિપભાઈ ભુવા**
ડીરેક્ટરશ્રી

શ્રી મધુવન(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. માધવપુર



**શ્રીમતિ જ્યોતિબેન દિલિપભાઈ ઓડેદરા**
ડીરેક્ટરશ્રી

શ્રી કામધેનુ(મ) દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોહબતપરા



**શ્રી ભાવેશ ધોળકીયા**
પ્રતિનીધીશ્રી
જી.સી.એમ.એમ.એફ. લી. આણંદ



**શ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર



**શ્રી જયકુમાર શાહ**
જીલ્લા રજીસ્ટ્રારશ્રી

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર



**શ્રી ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા**

**અધ્યક્ષશ્રી**

### મારા વ્હાલા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનો

દૂધ સંઘની ૧૨મી વાર્ષિક સાધારણ સભામાં સુદામા ડેરી પરિવારના સભ્યો એવા તમામ દૂધ મંડળીના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વ્ય.ક.સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનોનું અંતઃકરણપૂર્વક સ્વાગત કરૂ છું બીજીવાર ચેરમેન તરીકે ચુટવા સૌનો આભાર વ્યકત કરૂ છું. દૂધ સંઘ દ્વારા નિમાયેલ ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૩–૨૪ના દૂધ સંઘના હિસાબો તથા દૂધ સંઘના કામકાજ અને વિકાસલક્ષી પ્રવૃતિઓનો અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવુ છું.

હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘ દ્વારા દૈનિક સરેરાશ ૩૪૫૮૧૩ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. તેમજ તા. ૩૧/૦૧/૨૦૨૪ ના રોજ એક દિવસનું મહત્તમ ૫૦૨૫૮૪ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.

પોરબંદર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સુદામા ડેરી)ની વર્ષ ૨૦૧૩ માં સ્થાપના થયેલ છે. અને ચાલુ વર્ષ આપણે દૂધ સંઘના ૧૧માં વર્ષમાં પ્રવેશ કરીશું. આ સાથે આપણે પોરબંદર ઉપરાંત દેવભુમી દ્રારકા અને ગીર સોમનાથ સુધી પહોંચી ગયેલ છે. જે ખૂબજ ગર્વની વાત છે.

ગ્રામીણ વિસ્તારોમાં સહકારી બેંકના ખાતા ઉપર પુરતું ધ્યાન, નાણાંકીય સહાય, યોગ્ય સલામત રક્ષકો સાથેની સગવડો પર્યાપ્ત થાય તે ખૂબજ જરૂરી છે. વર્ષ દરમ્યાન કાર્યરત દૂધ મંડળીઓમાં તાંત્રિક સેવાનો ઉપયોગનો વ્યાપ વધેલ છે. જેમાં ગાય અને ભેંસ માટે ઘરે બેઠા પશુસારવાર સેવા, સારી ઓલાદના પશુઓ પેદા થાય અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય તે માટે કૃત્રિમ બીજદાન યોજના, સામુહિક કૃમિનીવારણ તેમજ પશુ રસીકરણ જેવી પ્રવૃતિમાં વધારો કરેલ છે. તેમજ દૂધ ઉત્પાદકોની સ્વીકૃતિ ઉપર અને સારી ગુણવત્તાવાળો પશુ આહાર મળે તે માટે અમુલ દાણનું વેચાણ કરવામાં આવેલ છે.

આપણા પશુપાલકો દ્વારા પુરતી વ્યવસ્થા, પશુઆહાર, પશુ રોગનિયંત્રણ, પશુ સવર્ધન તેમજ વિશિષ્ટ પ્રકારની પશુની માવજત કરવાથી પશુપાલનના ધંધામાં ઉત્પાદન વધારવા અને ટકાવી રાખવા ખુબજ મદદરૂપ થાય છે. વિમુદ્રિકરણના નિર્ણયને કારણે હવે ખરો સમય આવી ગયેલ છે કે દૂધ ઉત્પાદકોના સહકારી બેંકોમાં એકાઉન્ટ ખૂલવાથી અને કેશલેશ તેમજ ડીઝીટલ પેમેન્ટ દ્વારા વહેલા યા મોડા પણ બચતની ટેવ પાડવા તરફ લઈ ગયેલ છે. સહકારી બેંક એકાઉન્ટ ખોલવામાં ઝડપથી કામગીરી કરવી જરૂરી છે. જે દૂધ ઉત્પાદકોને ભવિષ્યમાં લાભકર્તા બનશે.

વર્ષ ૨૦૨૨માં આપણી સુદામા ડેરીના મિઠાઈ શોપનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ જેના દ્વારા આપણે આપણા પેકીંગ પ્લાન્ટમાં તૈયાર થયેલ બંગાળી મિઠાઈ, કાજુ મિઠાઈ, પેંડાઓ, શ્રીખંડ વગેરેનું વેચાણ સુદામા ડેરી અને અમૂલ બ્રાન્ડમાં કરવામાં આવશે. ગત વર્ષ મીઠાઈના ટર્નઓવર ૧.૫૮ કરોડ સામે ચાલુ વર્ષ મીઠાઈ ટર્નઓવર ૮.૬૬ કરોડ થયો છે ૪૪૮%નો વધારો થયો .

કુતિયાણા સ્થિત (૨.૫૦ લાખ લીટરનો પ્લાન્ટ) આધુનિક પ્રોસેસીંગ અને પેકીંગ પ્લાન્ટથી સુદામા ડેરીની આવકમાં વધારો થયેલ છે જેથી આપણે આપણા પશુપાલકોને વધારે ભાવ આપી શકયા છીએ.

ચાલો આપણે એક નવા અભિગમ સાથે તમોને મારી વિનંતી અને સલાહ છે કે ગ્રામ્ય વિસ્તારમાં દૂધ અને દૂધની બનાવટોની વેચાણ માટે વ્યવસ્થા ઉભી કરીને પોરબંદર દૂધ સંઘના પ્રચારક બની આપણા વિસ્તારના ખેડૂતોના વિકાસમાં ભાગીદાર બનીએ.

## દૂધ સંપાદન :

વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૭૮૧ કાર્યરત મંડળીઓના સભાસદો મારફતે કુલ લાખ (પ્રતિદિન સરેરાશ ૩.૪૫ લાખ) દૂધ સંપાદન થયેલ છે જે કાર્યરત મંડળી દીઠ ૧.૬૧ લાખ કિલોની સરેરાશ દર્શાવે છે.







## દૂધ ખરીદ ભાવ :

પોરબંદર સંઘમાં દૂધ ખરીદ કીંમત ગુણવત્તા સિવાય કેટલાક બીજા પાસાઓ ઉપર આધારિત છે. ગત વર્ષ ૨૦૨૩–૨૪માં દૂધ ખરીદ ભાવ રૂા. ૭૫૫ પ્રતિકિલો ફેટ ચુકવાયેલ હતા.

હિસાબી વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૮૭/– નો ભાવ ચુકવવામાં આવેલ છે. જે ગત વર્ષ કરતા રૂા. ૩૨/– પ્રતિકિલો ફેટ ભાવ વધારે આપવામાં સફળ રહ્યા છે. આમ દૂધ ઉત્પાદકોને વધુમાં વધુ ભાવ મળી રહે તે માટે મારા સતત પ્રયત્નો રહયાં છે.



## દૂધની ગુણવત્તા અને સ્વચ્છ દૂધ ઉત્પાદન :

તમામ ખાદ્ય પદાર્થોમાં સારી ગુણવત્તાનું મહત્વ હોય છે. પણા દૂધની ગુણવત્તામાં ધ્યાન આપવું પડે કારણ કે દૂધનો ઉપયોગ નાના બાળકો, બીમાર વૃધ્ધ વ્યકિતઓ વધારે કરતા હોય છે. દૂધની ગુણવત્તા મુખ્ય ગાય / ભેંસ આંચળથી શરૂઆત થાય છે. ચોખ્ખા દૂધનું ઉત્પાદન ખેડૂત અને દૂધ ઉત્પાદક ઉપર આધારિત છે. આપણે જાણીએ છીએ કે દરેક પ્રકારની દૂધ અને દૂધની બનાવટોનો મુખ્ય આધાર દૂધની ગુણવત્તા ઉપર રહેલો છે. પોરબંદર દૂધ સંઘ દ્વારા G.C. મશીન, FT1 જેવા આધુનિક મશીનો દ્વારા દૂધ ટેસ્ટીંગ કરવામાં આવે છે. તેમજ કોઈ દૂધ મંડળીઓનું દૂધ ભેળસેળ વાળુ માલુમ પડે તો પ્રતિ કેન રૂા. ૨૦૦૦/– ની પેનલ્ટી મારવામાં આવે છે તથા કેશમાં કલર મિકસ કરી દૂધનો નાશ કરવામાં આવે છે.

### સ્વચ્છ દૂધ ઉત્પાદનના અસરકારક પરિબળો નીચે મુજબ છે.

- ગાય અને ભેંસના ભાવ અને આંચળની તંદુરસ્તી
- આસપાસનું વાતાવરણ અને રહેઠાણની સ્વચ્છતા
- દૂધ દોહન કરનારની તંદુરસ્તી અને દોહન પધ્ધતિ
- દૂધ દોહવામાં વાપરવામાં આવતા વાસણોની સ્વચ્છતા
- પશુપાલકોની સ્વચ્છ દૂધ ઉત્પાદન પ્રત્યેની જાગૃતિ
- પશુને આપવામાં આવતા ખોરાકની ગુણવત્તા

## કૃત્રિમ બીજદાન :

ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન મેળવવા માટે સારી ઓલાદના પશુ રાખવા જરૂરી છે. સારી ઓલાદના પશુ સંવર્ધન માટે ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન થકી પશુઓને ફેરવવા જરૂરી છે. કૃત્રિમ બીજદાન દ્વારા માદા પશુને થતા ચેપી રોગ અટકાવી શકાય છે.

હિસાબી વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૨૭ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૭૪૭૧ કૃત્રિમ બીજદાન કરેલ છે. જે ભેંસ વર્ગમાં ૫૯૮૦ તથા ગાય વર્ગમાં ૧૪૯૧ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. કૃત્રિમ બીજદાનથી ૨૪૮૨ બચ્ચાઓનો જન્મ થયેલ છે.



## પશુ સારવાર સેવા

જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુઓને સસ્તી સારી અને ઝડપી પશુ સારવાર મળી રહે તે માટે સુદામા ડેરી દ્વારા વર્ષ ૨૦૧૫–૧૬ થી સભાસદોને ઘરે બેઠા પશુસારવાર સેવાની શરૂઆત કરવામાં આવેલી છે. હિસાબી વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન કુલ ૮૯૬૯ પશુઓની સારવાર કરવામાં આવેલ છે. તે પૈકી ૭૧૪૭ ભેંસ વર્ગના પશુઓ તથા ૧૮૨૨ ગાય વર્ગના પશુઓનો સમાવેશ થાય છે.

 

### ઘરેલુ ઉપચારથી પશુ સારવાર (EVP)

હાલ (આંચળ)ની તથા અન્ય બીમારોઓના ઉપચાર માટે ઘરગથ્થુ સારવાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન કુલ ૭૯૧ પશુઓને ઘરેલુ ઉપચાર પધ્ધતિથી સારવાર આપવામાં આવેલ છે જેમાંથી કુલ ૬૫૦ પશુ સફળતાપૂર્વક સાજા થયેલ છે ભવિષ્યમાં વધુમાં વધુ ઘરેલુ ઉપચાર પધ્ધતિનો ઉપયોગ કરી એન્ટીબાયોટિક દવાઓનો ઉપયોગ ઘટાડવાનું આયોજન છે.

### રસીકરણ

આ તાંત્રિક સેવા ખુબજ મહત્વની છે અને ખેડૂતોમાં ખુજબ લોકપ્રિય છે. વર્ષમાં બે વખત આ સેવા આપવામાં આવે છે. જેની ખેડૂતોને જાણ હોવાથી તે આતુરતાથી રાહ જોવે છે. ગાય અને ભેંસ માંથી આર્થિક પોષણક્ષમ વળતર માટે રસીકરણ કરાવવું ખુબજ અગત્યનું છે. ખરવા–મોવાસા તથા ગળસૂંઢાના રોગથી પશુઓનું દૂધ ઉત્પાદન ઘટી જાય છે. તેમજ ઘણા કિસ્સામાં પશુનું મૃત્યુ પણા થતુ હોય છે. તેથી વર્ષમાં બે વાર આ રોગનું રસીકરણ થવુ જરૂરી છે.

### બાવલા રોગ નિયંત્રણ કાર્યક્રમ (MPP)

દૂધાળા પશુઓમાં સૌથી વધુ આંચળ/બાવલાની બીમારીના રોગનું પ્રમાણ જોવા મળે છે જેના માટે CMT ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ કરવાથી છુપાયેલા રોગનું નિદાન થઈ શકે છે અને તેને સમયસર સારવાર આપી શકાય છે હિસાબી વર્ષ ૨૦૨૩–૨૪માં સંઘ દ્વારા કુલ ૧૦૦ ગામની દૂધ મંડળીઓના ૭૦૦૦ થી વધુ ગ્રાહકોના દૂધના સેમ્પલનો તપાસ કરવામાં આવેલ અને પોઝિટીવ આવેલ દૂધ સેમ્પલના પશુઓને સારવાર આપવામાં આવેલ જેમાંથી ૮૦% થી પણ વધુ પશુઓ સ્વસ્થ થયેલ છે.

### પશુ આહાર :

આપ સૌ જાણો છો કે ખેડૂતો દ્વારા ગાયો અને ભેંસોને ઓછી માત્રમાં નબળી ગુણવત્તાવાળુ ખાણદાણ આપવાથી તેનું દૂધ ઉત્પાદન અને શારીરિક વિકાસ રૂંધાય છે. ખોરાકની જરૂરીયાત મુજબ જુદા જુદા પ્રકારના અમુલ દાણ પશુઆહારનો ઉપયોગ કરી શકાય છે અને ઉણપ પણ ઘટાડી શકાય છે. બીજા તાંત્રિક કાર્યક્રમોની જેમ જ અમુલદાણ માટે જાગૃતતા કાર્યક્રમથી તેના ખુબજ મોટા ફાયદા મેળવી શકાય છે. આ માટે મંડળીઓનો વ્યાપ અને રસ ધરાવતા ખેડૂતોની સંખ્યામાં વધારો જોવા મળેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૮૩૭.૬૫ ટન દાણનું વેચાણ થયેલ છે.

## દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપના સહાય યોજના

આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેય ને સાર્થક કરવા તથા સ્વરોજગારીના ઉપાર્જનના હેતુથી રાજય સરકારશ્રીની સહાયથી ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના શરૂ કરવામાં આવેલ છે. જેને આજદિન સુધી વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૩૨ યુનિટ સ્થાપવામાં આવેલ છે. જેને આજદિન સુધી રૂા. ૯૧,૬૬,૨૩૦.૦૦ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે.

## ખાણદાણ સહાય યોજના

ગુજરાત સરકારશ્રીની રાજયના પશુપાલકોના ગાભણ તથા વિયાણ બાદ ખાણદાણ આપવાની યોજના હેઠળ પોરબંદર જીલ્લાના કુલ ૧૮૨૯ લાભાર્થીને ૬૮૦૩ ગુણી દાણ આપવામાં આવેલ છે. પશુઓને ખાણ–દાણ આપવાની યોજના હેઠળ એક લાભાર્થીના એક પશુ માટે ૧૦૦% સહાય રૂા. ૫ અને ૩ ગુણ દાણ આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ નાયબ પશુપાલન નિયામકશ્રી, પોરબંદર દ્વારા કુલ ૧૧૭૧ લાભાર્થીઓને ૩ ગુણ પ્રમાણે ૩૫૧૩ ગુણ દાણ લાભાર્થીઓના ઘર બેઠા પુરુ પાડવામાં આવેલ છે આ યોજના હેઠળ લાભાર્થીદીઠ રૂા. ૩૬૦૦ પ્રમાણે ૧૧૭૧ લાભાર્થીઓ માટે કુલ રૂા. ૪૨,૧૫,૬૦૦ ની સહાય મળેલ છે. ગાભણ પશુઓને ગર્ભના વિકાસ, તંદુરસ્તી તેમજ વિયાણ બાદ પશુઓના દૂધ ઉત્પાદન તથા ફેટમાં વધારા માટે દાણ આપવું ખૂબ જ જરૂરી છે.





## ચાફકટર સહાય યોજના

ચાફકટરનો ઉપયોગ કરવાથી બહુજ કીંમતી ઘાસચારનો બગાડ અટકાવી શકાય છે. ચાફકટરના ઉપયોગથી ઘાસચારાના નાના ટુકડા થતા હોવાથી પશુ બધો ચારો ખાઈ શકે છે અને પશુની પાચન શકિત પણ સારી બને છે. ચાફકટરનો ઉપયોગ કરી લીલા તથા સુકા ચારાના ટુકડા મિકસ કરી શકાય છે. ચાફકટર થી લીલા ચારાને કાપીને સાયલેજ બનાવવામાં આવે તો જયારે લીલો ચારો પ્રાપ્ત ન હોય ત્યારે સાયલેજમાંથી ચારો ખવડાવવાથી બારે માસ લીલો ચારો મળી રહે છે જેથી દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરી શકાય છે.

ચાફકટર સહાય યોજનામાં લાભ લેવા માટે પશુપાલકને ગુજરાત રાજયના કૃષિ અને સહકાર વિભાગના આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની હોય છે. ચાફકટર સહાય યોજનામાં કુલ ખર્ચના ૭૫% અથવા રૂા. ૧૮,૦૦૦/– આ બે માંથી જે ઓછી હોય તે રકમ સરકારીશ્રીના ધારાધોરણ મુજબ સહાય મળવા પાત્ર હોય છે. આપણા જિલ્લામાં વધુમાં વધુ પશુપાલકો આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી લાભ લે એ દૂધ ઉત્પાદન ખર્ચ ઓછો કરવા માટે ખુબજ લાભદાયી છે. આ માટે જરૂરી સહકાર દૂધ સંઘના સહકાર વિભાગ તરફથી મળી રહેશે.

## કિશાન ક્રેડીટ કાર્ડ (KCC)

સરકારશ્રી દ્વારા ખેડૂતોને ખેતીકામ માટે હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિશાન ક્રેડીટ કાર્ડની સુવિધા પરુ પાડવામાં આવે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત મિશન અંતર્ગત પશુપાલકોને પશુઓના ભરણપોષણના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિશાન ક્રેડીટ કાર્ડ (પશુપાલાન)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો લાભ ઘણા પશુપાલકોને મળેલ છે.

## એચ.આર. પ્રવૃતિ

સંઘના કર્મચારીઓ નિષ્ઠા, વફાદારી અને શિસ્તથી પોતાની ફરજો બનાવે છે તેઓના કામ પ્રત્યેનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી સંઘ દ્વારા નીચે મુજબના લાભો આપવામાં આવે છે.

(૧) મેડીકલ અકસ્માત વિમો (૨) ગ્રેજયુઈટી (૩) લીવ એન્કેશમેન્ટ (SL)

વર્ષ ૨૦૨૩–૨૪માં સંઘ દ્વારા કર્મચારીઓને બોનસ પેટે રૂા. ૩૫,૬૪,૧૭૬/– ચુકવેલ છે. સંઘના કર્મચારીઓ તેમની કામગીરીમાં નિપુણતા મેળવે અને અદ્યતન ટેકનોલોજીથી અવગત થાય તે હેતુથી સંઘના કર્મચારીઓને જરૂરિયાત મુજબ તાલીમ આપવામાં આવે છે. તેમજ જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તેમના ઈન્ટર્નશીપ પ્રોગ્રામ અંતર્ગત તાલીમ આપવામાં આવે છે. ગુજરાત સરકારના એપ્રેન્ટિસ એકટ ૧૯૬૧ હેઠળ ૪ જેટલા એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તાલીમ આપવામાં આવેલ છે. દૂધ સંઘ દ્વારા કાર્યરત કર્મચારીઓમાં ૨૮ કાયમી તથા ૧૬૭ કોન્ટ્રાકટયુઅલ (પ્રોબેશન) છે.



# CRISIL રેટીંગ

દૂધ સંપાદન, દૂધની બનાવટોનું ઉત્પાદન તથા વેચાણ અને સંકલનના પરિણામે દૂધ સંઘની નાંણાકીય સધ્ધરતામાં વધારો થવાના કારણે ભારતની સર્વોચ્ચ રેટીંગ એજન્સી (CRISIL) દ્વારા સુદામા દૂધ સંઘના મૂલ્યાંકનના અંતે AAA રેટીંગ તથા A+ રેટીંગ ઈસ્યુ કરવામાં આવેલ છે જે આપણાં સૌ માટે ગૌરવની બાબત છે.

CRISIL
Ratings

**CONFIDENTIAL**

RL/PJSDUSL/335235/BLR/0224/78629
February 02, 2024

**Mr. Bharat Puchhadiya**
Managing Director
**Porbandar Jilla Sahkari Dudh Utpadak Sangh Limited**
Plot no. 277,
GIDC,
Porbandar - 360577

Dear Mr. Bharat Puchhadiya,

**Re: Review of CRISIL Ratings on the bank facilities of Porbandar Jilla Sahkari Dudh Utpadak Sangh Limited**

All ratings assigned by CRISIL Ratings are kept under continuous surveillance and review.

Please find in the table below the ratings outstanding for the debt instruments/facilities of the company, and the rating actions by CRISIL Ratings on the ratings as on date.

| | |
|---|---|
| **Total Bank Loan Facilities Rated** | **Rs.106.83 Crore (Enhanced from Rs.83 Crore)** |
| **Long Term Rating** | **CRISIL A+/Stable (Reaffirmed)** |

*(Bank-wise details as per Annexure 1)*

As per our Rating Agreement, CRISIL Ratings would disseminate the ratings, along with the outlook, through its publications and other media, and keep the ratings, along with the outlook, under surveillance over the life of the instrument/facility. CRISIL Ratings reserves the right to withdraw, or revise the ratings, along with the outlook, at any time, on the basis of new information, or unavailability of information, or other circumstances which CRISIL Ratings believes may have an impact on the ratings. Please visit www.crisilratings.com and search with the name of the rated entity to access the latest rating/s.

In the event of the company not availing the proposed facilities within a period of 180 days from the date of this letter, a fresh letter of revalidation from CRISIL Ratings will be necessary.

Should you require any clarification, please feel free to get in touch with us.

With warm regards,

Yours sincerely,

Rucha Chandrakant Narkar
Associate Director - CRISIL Ratings

Nivedita Shibu
Associate Director - CRISIL Ratings

*__Disclaimer__: A rating by CRISIL Ratings reflects CRISIL Ratings' current opinion on the likelihood of timely payment of the obligations under the rated instrument, and does not constitute an audit of the rated entity by CRISIL Ratings. Our ratings are based on information provided by the issuer or obtained by CRISIL Ratings from sources it considers reliable. CRISIL Ratings does not guarantee the completeness or accuracy of the information on which the rating is based. A rating by CRISIL Ratings is not a recommendation to buy / sell or hold the rated instrument; it does not comment on the market price or suitability for a particular investor. CRISIL Ratings has a practice of keeping all its ratings under surveillance and ratings are revised as and when circumstances so warrant. CRISIL Ratings is not responsible for any errors and especially states that it has no financial liability whatsoever to the subscribers / users / transmitters / distributors of its ratings. CRISIL Ratings' criteria are available without charge to the public on the web site, www.crisilratings.com. CRISIL Ratings or its associates may have other commercial transactions with the company/entity. For the latest rating information on any instrument of any company rated by CRISIL Ratings, please visit www.crisilratings.com or contact Customer Service Helpdesk at CRISILratingdesk@crisil.com or at 1800-267-1301*

**CRISIL Ratings Limited**
*A subsidiary of CRISIL Limited, an S&P Global Company*
Corporate Identity Number: U67100MH2019PLC326247

**Registered Office:** CRISIL House, Central Avenue, Hiranandani Business Park, Powai, Mumbai- 400 076. Phone: +91 22 3342 3000 | Fax: +91 22 3342 3001

# આભાર દર્શન

મારા ઉદ્દબોધનનું સમાપન કરતા પહેલા આપણા સંઘની વર્ષ દરમ્યાનની કામગીરીને સફળ બનાવવા જે સંસ્થા કે વ્યકિત તરફથી સાથ, સહકાર અને માર્ગદર્શન મળેલ છે તે તમામનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

આપણી સંસ્થા, દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકોના વિકાસ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ સહયોગ બદલ વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા ગૃહપ્રધાન તેમજ દેશના પ્રથમ સહકારીતા મંત્રીશ્રી માનનીય અમિતભાઈ શાહ સાહેબ તથા કેન્દ્ર સરકારશ્રીના તમામ સંબંધિત વિભાગના અધિકારીઓનો ખૂબ ખૂબ આભારી છું.

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ રાજય સરકારના મંત્રી મંડળના તમામ સભ્યશ્રીઓ તરફથી ડેરી વિકાસની પ્રવૃતિ અંગે મળેલ માર્ગદર્શન તથા સહકાર બદલ તેમનો ખૂબ ખૂબ આભાર માનુ છું.

પોરબંદરના પૂર્વ ધારાસભ્ય માનનીય શ્રી બાબુભાઈ બોખીરીયા સાહેબ તરફથી પોરબંદર સંઘના વિકાસ માટે અમોને સતત માર્ગદર્શન અને સહયોગ મળતો રહે છે તે બદલ હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

ગુજરાત રાજયના રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ–ગાંધીનગર, મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી (નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ) ગુજરાત રાજય અમદાવાદ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ પોરબંદર શ્રી જય શાહ અને સ્પેશ્યલ ઓડીટર(મિલ્ક), રાજકોટ તરફથી વખતો વખત મળતા માર્ગદર્શન તથા સલાહ સૂચનો માટે પોરબંદર દૂધ સંઘ તેમનો આભાર માને છે.

ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદના ચેરમેન શ્રી શામળભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી વલમજીભાઈ હુંબલ, મેનેજીંગ ડીરેકટર શ્રી જયેન મહેતા તથા નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તથા તમામ અધિકારીશ્રીઓ દ્વારા મળેલ તકનીકી અને નાંણાકીય માર્ગદર્શન બદલ આભાર વ્યકત કરૂ છું.

નિયામક મંડળે મંજૂર કરેલ અને વૈદ્યાનિક ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત થયેલ વર્ષ ૨૦૨૩–૨૪ના હિસાબો, અહેવાલ તથા વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કામગીરી આ અહેવાલમાં આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવુ છું.

સંઘના કામકાજમાં નિયામક મંડળના મારા સાથી સભ્યોનો તેમના સહકાર બદલ ઋણી છું. દૂધ સંઘ સાથે સંયોજિત દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ, સંચાલકો તેમજ આપણા દૂધ સંઘના વિકાસયાત્રાના આધાર સ્તંભ એવા આપણા પશુપાલક ભાઈઓ તથા બહેનોનો પણ આભાર માનું છું.

આપણા દૂધ સંઘના કુશળ સંચાલન અને પ્રગતિમાં દૂધ સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી, અધિકારીઓ તથા કર્મચારી દ્વારા જે અવિરત સેવાઓ આપવામાં આવેલ છે તે બદલ તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આપણી સંસ્થા તથા તેની સાથે સંયોજીત દૂધ મંડળીઓની વિકાસયાત્રા અવિરત ચાલુ રહે અને આવનાર વર્ષોમાં સીમાચિહ્ન રૂપ પ્રગતિના સોપાન સર કરે અને તે દ્વારા સુદામા ડેરી પરિવારના સભ્યોનું ભાવી સુખ અને સમૃધ્ધિસભર બને તેવી અપેક્ષા સાથે વિરમું છું.

આપનો સહકારી
**શ્રી ભરતભાઈ ઓડેદરા**
અધ્યક્ષશ્રી


VA 21


KESAR PEDA
THABDI PEDA
ELAICHI PEDA
Traditional Taste of India
MILK CAKE
TRADITIONAL TASTE OF INDIA
મોરી ખાજલી
મસાલા ખાજલી
The Flavour of Porbandar
500 gm

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી – પોરબંદર

Amul The Taste of India

### તા. ૩૧–૩–૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧–૩–૨૦૨૩ | ફંડ તથા દેવા | ૩૧–૩–૨૦૨૪ |
|---|---|---|
| ૨,૦૮,૦૦૦–૦૦ | સત્તાવાર શેર ભંડોળ | ૨,૦૮,૦૦૦–૦૦ |
| ૧૧,૦૮,૩૦,૩૫૭–૦૦ | ગ્રાન્ટ | ૧૧,૧૦,૫૫,૫૪૨–૦૦ |
| ૫,૭૮,૯૨,૪૭૦–૦૦ | રીઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૬,૨૪,૬૦,૮૪૬–૦૦ |
| ૧૪,૩૧,૨૯,૯૦૮–૦૦ | સિક્યોર્ડ લોન | ૧૦,૯૯,૫૫,૦૭૭–૦૦ |
| ૫૩,૯૯,૩૮,૪૯૧–૦૦ | અનસિક્યોર્ડ લોન | ૫૦,૭૨,૨૪,૭૧૯–૦૦ |
| ૯,૦૫,૯૦,૭૬૨–૦૦ | ડીપોઝીટ (જવાબદારી) | ૧૧,૨૯,૮૫,૨૩૫–૦૦ |
| ૯૦,૯૫,૨૯૦–૦૦ | ચાલુ જોગવાઈ | ૨,૩૯,૭૧,૩૫૯–૦૦ |
| ૩૮,૪૪,૧૭,૫૦૪–૦૦ | ચાલુ દેવાં | ૩૩,૯૮,૯૦,૭૮૨–૦૦ |
| ૩૫,૬૮,૨૬,૩૦૩–૦૦ | ઘસારા ફંડ | ૪૧,૩૮,૪૩,૩૪૮–૦૦ |
| ૪૮,૨૯,૩૭૫–૦૦ | ચોખ્ખો નફો | ૩,૬૪,૫૭,૧૮૬–૦૦ |
| **૧,૬૯,૭૭,૫૮,૪૬૦–૦૦** | **કુલ સરવાળો...** | **૧,૭૧,૮૦,૫૨,૦૯૪–૦૦** |

નોંધ : આ હિસાબો તા. ૦૭–૦૮–૨૦૨૪ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૦૯ થી મંજૂર થયેલ છે.

જે. એસ. શાહ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

શ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

સાગર એ. શાહ એન્ડ એસોસીએટસ
(પેઢી નં. ૧૪૪૭૨૬ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
સાગર એ. શાહ
મે.નં. – ૧૫૧૨૦૬
(પેનલ નં. ૨૧)

ભરતભાઈ ઓડેદરા
ચેરમેનશ્રી

રવિ જોષી
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

### તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું

| ૩૧-૩-૨૦૨૩ | ફંડ તથા દેવા | ૩૧-૩-૨૦૨૪ |
|---|---|---|
| ૯૭,૮૪,૫૫,૩૪૧-૦૦ | મિલ્કતો | ૯૯,૪૧,૩૦,૬૪૧-૦૦ |
| ૩,૪૮,૭૮,૧૮૮-૦૦ | રોકાણો | ૪,૯૩,૯૩,૧૯૬-૦૦ |
| ૭,૩૦,૧૧,૧૭૨-૦૦ | દૂધનો સ્ટોક | ૬,૮૮,૩૨,૭૭૯-૦૦ |
| ૪,૭૮,૮૪,૩૩૯-૦૦ | ટ્રેડીંગ મટીરીયલ સ્ટોક | ૫,૧૪,૭૯,૮૫૦-૦૦ |
| ૧,૩૨,૭૩,૯૨૩-૦૦ | લોન અને એડવાન્સ અને ડીપોઝીટ | ૨,૦૪,૫૯,૯૧૦-૦૦ |
| ૪૬,૧૨,૦૯,૧૧૦-૦૦ | વ્યાપારી લેણા | ૪૯,૬૧,૪૬,૨૩૨-૦૦ |
| ૮,૯૦,૪૬,૩૮૭-૦૦ | કેંશ / બેન્ક | ૩,૭૬,૦૯,૪૮૬-૦૦ |
| ૧,૬૯,૭૭,૫૮,૪૬૦-૦૦ | કુલ સરવાળો... | ૧,૭૧,૮૦,૫૨,૦૯૪-૦૦ |

સામેલ અહેવાલ મુજબ

શ્રી ભરતભાઈ બી. બોખીરીયા – વા.ચેરમેનશ્રી
શ્રી વિરમભાઈ ડી. કારાવદરા – ડીરેકટરશ્રી
શ્રી નાગાભાઈ એમ. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી અરજનભાઈ પી. ભુતિયા – ડીરેકટરશ્રી
ડો. આકાશ બી. રાજશાખા – ડીરેકટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બી. મકવાણા – ડીરેકટરશ્રી
શ્રીમતિ લતાબેન સી. ભુવા – ડીરેકટરશ્રી
શ્રીમતિ જયોતિબેન ડી. ઓડેદરા – ડીરેકટરશ્રી

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

Amul
The Taste of India

### તા. ૧-૦૪-૨૦૨૩ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૨-૨૦૨૩ | જાવક | ૨૦૨૩-૨૦૨૪ |
|---|---|---|
| ૩૯૨૦૭૧૦૨-૦૦ | ઉઘડતો સ્ટોક | ૭,૩૦,૧૧,૧૭૨-૦૦ |
| ૫,૧૮,૧૪,૮૩,૨૩૪-૦૦ | ખરીદી | ૭,૪૯,૦૫,૬૩,૪૮૬-૮૪ |
| ૨૩,૩૫,૫૬,૩૧૮-૦૦ | ખરીદી ખર્ચ | ૩૧,૬૮,૯૩,૦૬૦-૦૦ |
| ૪,૪૯,૦૧,૩૫૯-૦૦ | પાવર અને ફ્યુલ ખર્ચ | ૫,૩૧,૬૨,૮૬૫-૦૦ |
| ૮,૭૪,૫૨,૪૫૧-૦૦ | પ્રોસેસીંગ ખર્ચ | ૧૦,૮૦,૭૫,૨૦૬-૦૦ |
| ૨,૮૬,૯૭,૦૪૫-૦૦ | રીપેરીંગ અને મેઈન્ટેનન્સ | ૩,૦૪,૦૪,૮૨૪-૦૦ |
| ૬,૦૭,૭૫,૦૦૨-૦૦ | પગાર અને સ્ટાફ સવલત ખર્ચ | ૬,૯૬,૬૮,૪૨૫-૦૦ |
| ૯,૬૬,૩૧૬-૦૦ | વિમા ખર્ચ | ૯,૮૩,૬૪૯-૦૦ |
| ૦-૦૦ | માર્કેટીંગ ખર્ચ | ૨,૯૯,૬૯૦-૦૦ |
| ૨૨,૯૧,૯૫૧-૦૦ | પોસ્ટ/ટેલીફોન/સ્ટેશનરી ખર્ચ | ૨૧,૦૫,૧૫૧-૦૦ |
| ૧૭,૮૨,૯૮૭-૦૦ | પ્રવાસ અને જાહેરાત ખર્ચ | ૫૫,૨૨,૫૯૬-૦૦ |
| ૫૦,૪૨,૧૮૭-૦૦ | પરચુરણ ખર્ચ | ૭૧,૭૭,૪૩૨-૧૬ |
| ૧૮,૧૬,૪૩૭-૦૦ | ઓડીટ ખર્ચ ફાળો | ૨૫,૫૬,૩૩૮-૦૦ |
| ૨,૫૦,૬૮,૨૨૯-૦૦ | વ્યાજ અને બેંક કમીશન | ૫,૪૫,૬૯,૨૧૫-૦૦ |
| ૫૮,૭૫,૯૬૯-૦૦ | સહકાર વિકાસ ખર્ચ | ૫,૧૭,૧૪૪-૦૦ |
| ૬૦,૬૮,૬૯૩-૦૦ | ભાડુ અને વેરા | ૫૮,૪૭,૭૫૩-૦૦ |
| ૬,૩૮,૧૨,૧૦૫-૦૦ | ઘસારા ખર્ચ | ૫,૭૧,૭૧,૮૬૦-૦૦ |
| ૨૮,૩૬,૦૪૯-૦૦ | ઈન્કમ ટેક્ષ | ૧,૦૦,૨૮,૦૦૦-૦૦ |
| ૫,૭૯,૧૬,૩૩,૪૩૪-૦૦ | કુલ | ૮,૨૮,૮૫,૫૭,૮૬૭-૦૦ |
| ૪૮,૨૯,૩૭૫-૦૦ | ચોખ્ખો નફો | ૩,૬૪,૫૭,૧૮૬-૦૦ |
| **૫,૭૯,૬૪,૬૨,૮૦૯-૦૦** | **કુલ સરવાળો...** | **૮,૩૨,૫૦,૧૫,૦૫૩-૦૦** |

નોંધ : આ હિસાબો તા. ૦૭-૦૮-૨૦૨૪ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૦૯ થી મંજૂર થયેલ છે.

**જે. એસ. શાહ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

**શ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર

**સાગર એ. શાહ એન્ડ એસોસીએટસ**
(પેઢી નં. ૧૪૪૭૨૬ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
સાગર એ. શાહ
મે.નં. - ૧૫૧૨૦૬
(પેનલ નં. ૨૧)

**ભરતભાઈ ઓડેદરા**
ચેરમેનશ્રી

**રવિ જોષી**
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

### તા. ૧-૦૪-૨૦૨૩ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષનું વ્યાપાર તથા નફા-નુકશાન પત્રક

| ૨૦૨૨-૨૦૨૩ | આવક | ૨૦૨૩-૨૦૨૪ |
|---|---|---|
| ૫,૭૧,૩૭,૫૩,૦૬૦-૦૦ | દૂધ તથા દૂધની બનાવટોનું વેચાણ | ૮,૨૩,૬૪,૭૨,૨૦૦-૦૦ |
| ૯૬,૯૮,૫૭૭-૦૦ | અન્ય આવક | ૧,૯૭,૧૦,૦૭૪-૦૦ |
| ૭,૩૦,૧૧,૧૭૨-૦૦ | બંધ સ્ટોક | ૬,૮૮,૩૨,૭૭૯-૦૦ |
| ૫,૭૯,૬૪,૬૨,૮૦૯-૦૦ | કુલ સરવાળો... | ૮,૩૨,૫૦,૧૫,૦૫૩-૦૦ |

**સામેલ અહેવાલ મુજબ**

શ્રી ભરતભાઈ બી. બોખીરીયા – વા.ચેરમેનશ્રી
શ્રી વિરમભાઈ ડી. કારાવદરા – ડીરેકટરશ્રી
શ્રી નાગાભાઈ એમ. ઓડેદરા – ડીરેકટરશ્રી
શ્રી અરજનભાઈ પી. ભુતિયા – ડીરેકટરશ્રી
ડો. આકાશ બી. રાજશાખા – ડીરેકટરશ્રી

શ્રીમતિ રાંભીબેન બી. મકવાણા – ડીરેકટરશ્રી
શ્રીમતિ લતાબેન સી. ભુવા – ડીરેકટરશ્રી
શ્રીમતિ જયોતિબેન ડી. ઓડેદરા – ડીરેકટરશ્રી

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

## પેટા નિયમ મુજબ નફાની ફાળવણી ૨૦૨૩-૨૪

| ચોખ્ખો નફો | ૩,૬૪,૫૭,૧૮૬-૦૦ | ટકાવારી |
|---|---|---|
| રીઝર્વ ફંડ | ૯૧,૧૪,૨૯૭-૦૦ | ૨૫.૦૦% |
| શિક્ષણ ફંડ | ૫૦,૦૦૦-૦૦ | ૦.૧૪% |
| શેર ડીવીડન્ડ | ૧૨,૪૮૦-૦૦ | ૦.૦૩% |
| સભાસદ કલ્યાણ ફંડ | ૭,૨૯,૧૪૪-૦૦ | ૨.૦૦% |
| કુલ | ૯૯,૦૫,૯૨૧-૦૦ | ૨૭.૧૭% |

| બાકી નફો | ૨,૬૫,૫૧,૨૬૫-૦૦ | |
|---|---|---|
| બિલ્ડીંગ ફંડ | ૨,૧૨,૪૧,૦૧૧-૦૦ | ૮૦.૦૦% |
| ચેરીટી ફંડ | ૧૩,૨૭,૫૬૩-૦૦ | ૫.૦૦% |
| સહકાર પ્રચાર-પ્રસાર ફંડ | ૧૩,૨૭,૫૬૩-૦૦ | ૫.૦૦% |
| સંશોધન અને વિકાસ ફંડ | ૧૩,૨૭,૫૬૪-૦૦ | ૫.૦૦% |
| ડિવીડન્ડ ઈકવીલાયજેશન ફંડ | ૧૩,૨૭,૫૬૪-૦૦ | ૫.૦૦% |
| કુલ | ૩,૬૪,૫૭,૧૮૬-૦૦ | ૧૦૦.૦૦% |

**નોંધ : આ હિસાબો તા. ૦૭-૦૮-૨૦૨૪ ની નિયામક મંડળની બેઠકના ઠરાવ નં. ૧૦ થી મંજૂર થયેલ છે.**

**જે. એસ. શાહ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર

**શ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ**
ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

**સાગર એ. શાહ એન્ડ એસોસીએટસ**
(પેઢી નં. ૧૪૪૭૨૬ W)
ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,
સાગર એ. શાહ
મે.નં. - ૧૫૧૨૦૬
(પેનલ નં. ૨૧)

**ભરતભાઈ ઓડેદરા**
ચેરમેનશ્રી

**રવિ જોષી**
ડેપ્યુટી મેનેજર
(એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ)

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી - પોરબંદર

## આવક તથા ખર્ચનું અંદાજપત્રઃ સને ૨૦૨૪-૨૦૨૫

| આવક | રૂપિયા (લાખમાં) |
|---|---|
| દૂધ તથા દૂધ પ્રોડક્ટ વેચાણ આવક | ૮૨૫૫૦-૦૦ |
| દૂધ સિવાય અન્ય વેચાણ આવક | ૧૫૦૦-૦૦ |
| અન્ય આવક | ૨૦૦-૦૦ |
| વ્યાજ આવક | ૨૫-૦૦ |
| કુલ સરવાળો | ૮૪૨૭૫-૦૦ |

| ખરીદી તથા ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| દૂધ ખરીદી | ૭૪૨૦૦-૦૦ |
| અન્ય ખરીદી | ૧૩૫૦-૦૦ |
| અન્ય ટ્રાન્સપોર્ટ અને હેડલોડ ખર્ચ | ૩૩૦૦-૦૦ |
| પ્રોસેસીંગ ખર્ચ | ૪૫૦-૦૦ |
| પ્રોસેસીંગ લેબર ખર્ચ | ૬૩૦-૦૦ |
| પેકેજિંગ ખર્ચ | ૬૭૦-૦૦ |
| બી.એમ.સી. ખર્ચ | ૮૦-૦૦ |
| વિજળી, પાણી, બળતણ ખર્ચ | ૬૦૦-૦૦ |
| સ્ટાફ પગાર તથા અન્ય સવલતો | ૭૩૦-૦૦ |
| કોમ્પ્યુટર મરામત અને નિભાવ ખર્ચ | ૫૦-૦૦ |
| માર્કેટીંગ એક્સ્પાન્શન તથા વેચાણ કમી. | ૧૦-૦૦ |
| તાર, ટપાલ, ટેલીફોન, સ્ટેશનરી ખર્ચ | ૫૦-૦૦ |
| વિમા પ્રિમીયમ | ૧૫-૦૦ |
| ભાડા તથા વેરાઓ | ૬૦-૦૦ |
| વહીવટી ખર્ચ | ૧૦૦-૦૦ |
| જાહેરાત ખર્ચ | ૫-૦૦ |
| અન્વેષણ ઓડીટ ફી | ૨૫-૦૦ |
| વેટરનરી ખર્ચ | ૪૫-૦૦ |
| વ્યાજ તથા બેંક કમીશન | ૫૫૦-૦૦ |
| કો-ઓપ. ડેવ. એક્સ. એન્ડ એક. ખર્ચ | ૧૫-૦૦ |
| પ્લાન્ટ મશીનરી મેઈનટેનન્સ | ૨૫૦-૦૦ |
| મિલ્ક ડે સેલીબ્રિશન | ૫-૦૦ |
| ટ્રાવેલીંગ | ૫૫-૦૦ |
| ઘસારો | ૫૭૦-૦૦ |
| કુલ સરવાળો | ૮૩૮૧૫-૦૦ |
| અંદાજીત નફો | ૪૬૦-૦૦ |

| મુડી ખર્ચ | રૂપિયા (લાખમાં) |
|---|---|
| (૧) મશીનરી | ૬૦૦-૦૦ |
| (૨) મકાન બાંધકામ અને રીનોવેશન | ૨૦૦-૦૦ |
| (૩) ચીલીંગ સેન્ટર અને બીએમસી અપગ્રેડેશન | ૫૦-૦૦ |
| (૪) વાહન ખરીદી | ૨૦-૦૦ |
| (૫) કોમ્પ્યુટર / નેટવર્કીંગ અને સી.સી.ટીવી કેમેરા | ૨૫-૦૦ |
| (૬) ફર્નીચર, ફીકચર અને ઈન્ટીરીયર | ૧૦-૦૦ |
| (૭) લેબ ઈક્વીપમેન્ટ | ૩૦-૦૦ |
| કુલ સરવાળો | ૯૩૫-૦૦ |




ઓટોમેટીક કાજુ–કતરી સ્વીટ પ્લાન્ટની વિઝિટ લેતા પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા, દૂધ સંઘના એમ.ડી શ્રી ભરતભાઈ પુછડીયા અને પ્લાન્ટના જનરલ મેનેજર શ્રી ઉમેશભાઈ મોરી.



પોરબંદર દૂધ સંઘના અતી આધુનિક પેકીંગ પ્લાન્ટની મુલાકાત લેતા પશુપાલક ભાઈઓ

## મહત્વની હિસાબી નીતિઓ, હિસાબો અને આકસ્મિક જવાબદારીઓ પરની નોંધ
## સને ૨૦૨૩-૨૪

**(અ) મહત્વની લાગુ પાડવામાં આવેલ હિસાબી નોંધ તથા હિસાબી નોંધને લગતી નીતિઓ નીચે પ્રમાણે છે.**

૧. **હિસાબી પ્રણાલી :** નાણાંકીય હિસાબો ઐતિહાસીક પ્રણાલી મુજબ એક્રુઅલના ધોરણે સામાન્ય રીતે સ્વીકારાયેલ હિસાબો સિધ્ધાંતો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

૨. **આવકની હિસાબી નોંધ :** આવકની હિસાબી નોંધ સંઘને થનાર આર્થિક ફાયદો અને આવકની ગણતરી ચોકકસ રીતે થઈ શકે તે મુજબ વેચાણની હિસાબી નોંધ માલના હસ્તાન્તરણના આધારે કરેલ છે. તમામ આવક અને ખર્ચની નોંધણી એક્રુઅલના ધોરણે કરવામાં આવે છે.

૩. **સ્થાવર/જંગમ મિલ્કતો :** મિલ્કતોનું મૂલ્યાંકન ખરીદ કિંમતના આધારે કરવામાં આવેલ છે. મિલ્કતોની કિંમતમાં ખરીદ કિંમત, વ્યાજ અને બીજા સીધા ખર્ચાઓ કે જે મિલ્કતને ઉપયોગમાં લેવા માટે કરવામાં આવ્યા હોય તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

સ્થાવર મિલ્કતો ને હિસાબી ચોપડે તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. સ્થાવર મિલ્કતોને લગતા ઘસારાને સ્થાવર મિલ્કતોમાંથી ન ઘટાડી તેને ઘસારા ફંડ ખાતે દર્શાવેલ છે.

સ્થાવર મિલ્કતો પૈકીની જે રાષ્ટ્રિય કિશાન વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ખરીદેલ છે તેના પરના ઘસારાની ગણતરી કરવામાં આવી નથી. ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ મિલ્કતને તેની ખરીદ કિંમતે દર્શાવેલ છે. ગ્રાન્ટની રકમને જરૂરી મંજૂરી મળ્યા પછી મિલ્કતની ખરીદ કિંમતમાંથી બાદ કરવામાં આવશે.

૪. **રોકાણો :** રોકાણો લાંબાગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે. સંઘના બધાજ રોકાણો શિડયુલ્ડ બેંક સાથે કરેલ છે.

૫. **વેલ્યુએશન અને ઈન્વેનટરી :**

૧. કાચા માલ, પેકીંગ મટીરીયલ્સ, સ્ટોર્સ અને કન્ઝ્યુમર્સનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે. પડતર કિંમત ભારીત સરેરાશ પધ્ધતિથી નકકી કરેલ છે.

૨. તૈયાર માલ અને ચાલુ કામનું મુલ્યાંકન ખરીદ કિંમત અન્યથા અંદાજીત મળવાપાત્ર મુલ્ય બંનેમાંથી જે ઓછી હોય તેના ધોરણે નકકી કરેલ છે પડતર કિંમતમાં ખરીદ કિંમત, મજુરી તથા સામાન્ય ઉત્પાદન ક્ષમતાને આધારે પ્રમાણસર ઉત્પાદન ખર્ચાઓ સામેલ કરેલ છે. પડતર કિંમત મુવીંગ ભારીત સરેરાશ નકકી કરેલ છે.

૩. વેપાર માટેના માલનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

૪. પડતર કિંમતમાં ખરીદ કિંમત તથા માલીક તેના હાલની પરિસ્થિતિ તથા સ્થાને લેવા માટેના સીધા ખર્ચાઓ સામેલ કરેલ છે.

૫. માલ તથા અન્ય વસ્તુઓ જે રાજય અને કેન્દ્ર સરકારની સહાય હેઠળ અને ફેડરેશનના યોગદાન હેઠળ વિતરણ માટે રાખેલ છે. તેમનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

૬. અંદાજીત મળવાપાત્ર મુલ્ય એટલે અંદાજીત વેચાણ કિંમતમાંથી વેચાણ પૂર્ણ કરવા માટેના તથા વેચાણ કરવાના અંદાજીત ખર્ચા બાદ કરેલ મુલ્ય.

૬. **જોગવાઈ ન કરેલ સંભવિત/આકસ્મિક જવાબદારીઓ (અંદાજીત) :**

અ. સંઘે કોઈ પણ બેંક ગેરેંટીઓ અથવા લેટર્સ ઓફ ક્રેડીટ આપેલ નથી.

૭. **આવકની જોગવાઈઓ :**

અ. નાંણાકીય વર્ષમાં આવકવેરાની જોગવાઈ આવકવેરાના કાયદા મુજબ કરવામાં આવેલ છે.

બ. ઈન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડીયાના એકાઉનટીંગ સ્ટાન્ડર્ડ ૨૨ મુજબ ''વિલંબિત આવક વેરો'' એટલે કે ''Deferred Tax'' ની ગણતરી કે નોંધ કરેલ નથી.

૮. મિલ્કતો માટે મળેલી ગ્રાન્ટની રકમને મિલ્કતોની પડતર કિંમતમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે. પરંતુ હાલના હિસાબી વર્ષ ૨૦૨૩–૨૪ સુધી ગ્રાન્ટની કોઈ રકમ મિલ્કતની પડતર કિંમતમાંથી બાદ કરવામાં આવી નથી. આ માટેની જરૂરી મંજૂરી મેળવ્યા બાદ અને ઉપયોગનું અન્વેષણ થયા બાદ તેને મિલ્કતની પડતર કિંમતમાંથી બાદ કરવામાં આવશે. સંઘને આવકને લગતી કોઈ ગ્રાન્ટ કે સબસીડી મળી નથી.

૯. દેવા અને લેણાંની બાકી તેમની ખરાઈને આધીન છે.

૧૦. પાછળના વર્ષના આંકડાઓમાં જયા જરૂરિયાત જણાય ત્યાં રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

**(બ) ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટટન્સ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત એકાઉન્ટીંગ સંઘે નીચે પ્રમાણે અમલમાં મુકેલ છે.**

૧. વર્ષ દરમિયાન સંઘે મિલ્કત ઉપર ગણવામાં આવતા ઘસારાની જોગવાઈ એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ–૬ ને અનુરૂપ કરેલ છે અને તે પ્રમાણે વર્ષ ૨૦૨૩–૨૪ માટેના દરે ઘટતી જતી બાકીની પધ્ધતિએ ઘસારાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

ઘસારાની રકમ મિલ્કત પડતર કિંમત અથવા ઘટતી જતી બાકી કિંમતમાંથી બાદ ન કરતા, ઘસારા ફંડ ખાતે દર્શાવવામાં આવેલ છે.

જે મિલ્કત મળેલ ગ્રાન્ટની રકમમાંથી ખરીદેલ છે તેના પર ઘસારો ગણવામાં આવેલ નથી. ઘડતી જતી બાકીની પધ્ધતિઓ ઘસારાની ગણતરી કરવા માટે ઘસારાના દર આવક વેરા અધિનિયમ હેઠળના દરોનો ઉપયોગ કરેલ છે.

૨. સંઘ નફા–નુકશાન ખાતું તથા સરવૈયા બનાવેલ છે. જેની સંઘના પ્રમાણિત ઓડિટર દ્વારા ચકાસણી થઈ છે અને નિયામક મંડળ તથા પ્રમાણિત ઓડિટર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

૩. સંઘના સંબંધિત પાર્ટીઓ સાથેના વ્યવહારોની વિગત નીચે પ્રમાણે છે.

(અ) ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી.

| | | |
|---|---|---|
| **દૂધ વેચાણ** | : | **રૂા. ૭,૯૫,૫૩,૪૩,૧૦૫/–** |
| **અમુલ દાણ અને મીનરલ મીક્ષચર ખરીદી** | : | **રૂા. ૨,૦૧,૬૬,૨૯૪/–** |
| **એસ.એમ.પી. પાવડરની ખરીદી** | : | **રૂા. ૯,૭૧,૯૭,૩૬૨/–** |

૪. સંઘ દ્વારા સંભવિત જવાબદારીઓનું જયા જરૂર લાગેલ છે ત્યાં પ્રોવિઝન કરવામાં આવેલ છે.

૫. સંઘ દ્વારા માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલોપમેન્ટ એકટ ૨૦૦૬ પ્રમાણે કોઈપણ સપ્લાયરને મોડી રકમ ચુકવવાની થઈ નથી અને તેમને વ્યાજ ચૂકવવાનું થયું નથી.

૬. **રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) :**

રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) "એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ–૩ કેશ ફ્લો સ્ટેટમેન્ટ" માં "પરોક્ષ પધ્ધતિ" મુજબ તૈયાર કરેલ છે અને તે સંઘની સામાન્ય પ્રવૃતિઓમાંથી થતો રોકડ પ્રવાહ દર્શાવે છે. નાંણાકીય પત્રકોમાં દર્શાવેલ રોકડ અને રોકડ સમકક્ષમાં હાથ પરની રોકડ તથા બેંક થાપણોનો સમાવેશ થાય છે.

૭. **સેગમેન્ટ રીપોર્ટીંગ :**

સંઘ દૂધ અને દાણ વેચાણની કામગીરી કરે છે જે જૂદા જૂદા ધંધાકીય જોખમ કે વળતરને આધિન નથી અને તેથી એકજ પ્રકારની ધંધાકીય પ્રવૃતિ કરે છે તેમ ગણવામાં આવેલ છે.

૮. નાંણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ના અંતે કરવામાં આવેલ ફેર તપાસણીના આધારે જાણવા મળેલ છે કે કોઈ મિલ્કતમાં કોઈ ક્ષતી થવા પામેલ નથી. જેથી આવી કોઈ જોગવાઈ હિસાબમાં કરેલ નથી.

**સ્થળ : પોરબંદર**
**તારીખ : ૨૩/૦૭/૨૦૨૪**

**ભરતભાઈ ઓડેદરા**
**ચેરમેનશ્રી**

**શ્રી શ્રીકાંતભાઈ ભટ્ટ**
**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**સાગર એ. શાહ એન્ડ એસોસીએટસ**
**(પેઢી નં. ૧૪૪૭૨૬ W)**
**ચાર્ટડ એકાઉન્ટન્ટસ વતી,**
**સાગર એ. શાહ**
**મે.નં. – ૧૫૧૨૦૬**
**(પેનલ નં. ૨૧)**



સુદામા ડેરી પેકીંગ પ્લાન્ટની મુલાકાત લેતા મહિલા પશુપાલકોને પ્લાન્ટની
મશીનરીની જાણકારી આપતા સુદામા ડેરી પ્લાન્ટના કર્મચારી



સુદામા ડેરીના પેકીંગ પ્લાન્ટ ખાતે ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી.

# શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડ

## સુદામા ડેરી – પોરબંદર

## મિલકત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક : ૨૦૨૩–૨૦૨૪

| અ. નં. | મિલ્કતો | ગ્રોસ બ્લોક (મુળ કિંમત) | | | | ઘસારાનું પ્રિમિયમ | | | | નેટ બ્લોક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૦૧–૦૪–૨૦૨૩ ના રોજ કુલ કિંમત રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | ૩૧–૦૩–૨૦૨૪ ના રોજ કુલ કિંમત રૂપિયા માં | ૦૧–૦૪–૨૦૨૩ ના રોજ કુલ ઘસારો રૂપિયા માં | વર્ષ દરમ્યાન ટ્રાન્સફર રૂપિયા માં | વર્ષ દરમ્યાન ઘસારો રૂપિયા માં | ૩૧–૦૩–૨૦૨૪ ના રોજ કુલ ઘસારો રૂપિયામાં | ૩૧–૦૩–૨૦૨૪ ના રોજની ચોખ્ખી કિંમત રૂપિયામાં |
| ૧. | જમીન | ૧૩,૫૧,૪૦,૮૦૬-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૧૩,૫૧,૪૦,૮૦૬-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૧૩,૫૧,૪૦,૮૦૬-૦૦ |
| ૨. | મકાન અને અન્ય બાંધકામ | ૯,૪૫,૬૪,૧૯૨-૦૦ | ૨૪,૮૨,૮૭૯-૦૦ | ૦૦-૦૦ | ૯,૭૦,૪૭,૦૭૧-૦૦ | ૫,૦૪,૮૭,૩૯૬-૦૦ | ૦૦-૦૦ | ૯૧,૦૮,૬૫૮-૦૦ | ૫,૯૫,૯૬,૦૫૪-૦૦ | ૮,૭૯,૩૮,૪૧૩-૦૦ |
| ૩. | પ્લાન્ટ અને મશીનરી | ૩૨,૮૪,૮૨,૭૬૮-૦૦ | ૧,૧૧,૯૯,૪૧૩-૦૦ | ૦૦-૦૦ | ૩૩,૯૬,૮૨,૧૮૧-૦૦ | ૨૮,૩૩,૪૩,૦૯૭-૦૦ | ૦૦-૦૦ | ૪,૨૪,૩૯,૩૪૯-૦૦ | ૩૨,૫૭,૮૨,૪૪૬-૦૦ | ૨૯,૭૨,૪૨,૮૩૨-૦૦ |
| ૪. | ઓફીસ અને ઈકવીપમેન્ટ | ૬૫,૯૦,૮૨૭-૦૦ | ૧૪,૬૨,૨૬૯-૦૦ | ૪૧,૯૯૮-૦૦ | ૮૦,૧૧,૦૯૮-૦૦ | ૨૪,૮૩,૫૯૬-૦૦ | ૦૦-૦૦ | ૧૧,૬૭,૪૫૭-૦૦ | ૩૬,૫૧,૦૫૪-૦૦ | ૬૮,૬૩,૭૧૫-૦૦ |
| ૫. | ફર્નિચર અને ફીકસચર | ૮૫,૯૮,૦૫૫-૦૦ | ૨,૯૫,૨૬૬-૦૦ | ૦૦-૦૦ | ૮૮,૯૩,૩૨૧-૦૦ | ૪૧,૫૮,૪૦૨-૦૦ | ૦૦-૦૦ | ૯,૦૨,૪૭૬-૦૦ | ૫૦,૬૦,૮૭૮-૦૦ | ૭૯,૯૦,૮૪૫-૦૦ |
| ૬. | ઈલેકટ્રીક ફીકસચર | ૨૬,૭૪,૧૮૨-૦૦ | ૦૦-૦૦ | ૯,૨૯,૨૪૪-૦૦ | ૧૭,૪૪,૯૩૮-૦૦ | ૫,૧૦,૮૬૨-૦૦ | ૦૦-૦૦ | ૧,૫૬,૦૫૪-૦૦ | ૬,૬૬,૯૧૬-૦૦ | ૧૭,૨૩,૬૨૫-૦૦ |
| ૭. | વાહનો (મોટરકાર) | ૫૬,૩૧,૮૬૨-૦૦ | ૫૫,૭૭૦-૦૦ | ૦૦-૦૦ | ૫૬,૮૭,૬૩૨-૦૦ | ૨૦,૫૩,૫૯૩-૦૦ | ૦૦-૦૦ | ૮,૫૩,૧૪૫-૦૦ | ૨૯,૦૬,૭૩૮-૦૦ | ૪૮,૩૪,૪૮૭-૦૦ |
| ૮. | કોમ્પ્યુટર સામાન | ૨,૭૪,૨૧,૦૮૫-૦૦ | ૧૦,૯૩,૫૮૩-૦૦ | ૦૦-૦૦ | ૨,૮૫,૧૪,૬૬૮-૦૦ | ૨,૬૩,૧૪,૬૧૮-૦૦ | ૦૦-૦૦ | ૧૨,૬૯,૪૯૩-૦૦ | ૨,૭૫,૮૪,૧૧૧-૦૦ | ૨,૭૨,૪૫,૧૭૫-૦૦ |
| ૯. | કેન | ૦૦-૦૦ | ૫૭,૩૬૨-૦૦ | ૦૦-૦૦ | ૫૭,૩૬૨-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૦૦-૦૦ | ૪૮,૭૫૮-૦૦ |
| | **કુલ સરવાળો...** | **૬૦,૯૧,૦૩,૭૭૭–૦૦** | **૧,૬૬,૪૬,૫૪૨–૦૦** | **૯,૭૧,૨૪૨–૦૦** | **૬૨,૪૭,૭૯,૦૭૭–૦૦** | **૩૬,૯૩,૫૧,૫૬૪–૦૦** | **૦૦–૦૦** | **૫,૫૯,૦૫,૨૩૬–૦૦** | **૪૨,૫૨,૫૬,૮૦૧–૦૦** | **૫૬,૯૦,૨૮,૬૫૫–૦૦** |

### તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ ફંડની વિગત

| અ.નં. | ફંડનું નામ | તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજની કુલ રકમ રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયામાં | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયામાં | તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજની કુલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૨,૦૪,૨૭,૦૨૩/૫૯ | ૧૨,૦૭,૩૩૪/૦૦ | ૦૦/૦૦ | ૨,૧૬,૩૪,૩૬૭/૫૯ |
| ૨ | જનરલ રીઝર્વ ફંડ | ૨,૪૮,૯૭,૮૩૫/૬૦ | ૦૦/૦૦ | ૦૦/૦૦ | ૨,૪૮,૯૭,૮૩૫/૬૦ |
| ૩ | સંશોધન અને વિકાસ ફંડ | ૧૯,૪૪,૯૨૪/૦૦ | ૧,૭૩,૧૪૯/૦૦ | ૦૦/૦૦ | ૨૧,૧૮,૦૭૩/૦૦ |
| ૪ | શિક્ષણ ફંડ | ૫૦,૦૦૦/૦૦ | ૫૦,૦૦૦/૦૦ | ૫૦,૦૦૦/૦૦ | ૫૦,૦૦૦/૦૦ |
| ૫ | ધર્માદા ફંડ | ૪,૧૦,૩૧૭/૦૦ | ૧,૭૩,૧૪૮/૦૦ | ૧૧,૦૦૦/૦૦ | ૫,૭૨,૪૬૫/૦૦ |
| ૬ | બિલ્ડીંગ ફંડ | ૮૨,૮૬,૪૫૧/૦૦ | ૨૭,૭૦,૩૬૯/૦૦ | ૦૦/૦૦ | ૧,૧૦,૫૬,૮૨૦/૦૦ |
| ૭ | સહકાર પ્રચાર ફંડ | ૧૦,૭૨,૫૧૬/૦૦ | ૧,૭૩,૧૪૮/૦૦ | ૨,૦૦,૦૦૦/૦૦ | ૧૦,૪૫,૬૬૪/૦૦ |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | ૨,૮૫,૪૯૪/૦૦ | ૯૬,૫૮૮/૦૦ | ૦૦/૦૦ | ૩,૮૨,૦૮૨/૦૦ |
| ૯ | ડીવીડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | ૫,૧૭,૯૦૯/૩૭ | ૧,૭૩,૧૪૯/૩૮ | ૦૦/૦૦ | ૬,૯૧,૦૫૮/૭૫ |
| ૧૦ | ડીવીડન્ડ ડીસ્ટ્રીબ્યુશન ફંડ | ૦૦/૦૦ | ૧૨,૪૮૦/૦૦ | ૦૦/૦૦ | ૧૨,૪૮૦/૦૦ |
| | કુલ ... | ૫,૭૮,૯૨,૪૭૦/૫૬ | ૪૮,૨૯,૩૭૫/૩૮ | ૨,૬૧,૦૦૦/૦૦ | ૬,૨૪,૬૦,૮૪૫/૯૪ |



### :: રોકાણો ::

૧. શ્રી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ

શેરમાં રોકાણ   ૩,૬૨,૪૦,૦૦૦/-

૨. એસ.બી.આઇ. બેંકમાં

ફિક્સ ડીપોઝીટ રોકાણ   ૭૨,૪૬,૦૭૫/-

કુલ...   ૪,૩૪,૮૬,૦૭૫/-


SUDAMA
DAIRY SWEETS
શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
સુદામા ડેરી
પોરબંદર



:: બેંકર્સ ::

- ધી જુનાગઢ જિલ્લા સહ. બેંક લી.
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
- એચ.ડી.એફ.સી બેંક
- એકસીસ બેંક


:: એડ્રેસ ::

પ્લોટ નં. ૨૭૭, સુદામા ડેરી રોડ, જી.આઈ.ડી.સી.,
ઓદ્યૌગિક વિસ્તાર, પોરબંદર - ૩૬૦ ૫૭૭. (ગુજરાત)
ફોન નંબર : (૦૨૮૬) ૨૨૨૨૩૧૪
E-mail : info@sudamadairy.com
Website : www.sudamadairy.com